# મહૂકો (Greater Coucal)

**પંખી લોક**

★ પ્રવીણ સરવૈયા

આપણે જાણીએ છીએ કે કોયલવર્ગનાં પક્ષીઓ બીજાના માળામાં ઈંડાં મૂકીને તેમની પાસે ઉછેર કરાવે છે. આ કુળમાં એક અપવાદરૂપ પક્ષી છે, જે પોતાના માળા જાતે બનાવે છે અને બચ્ચાં ઉછેરે છે. તે પક્ષી એટલે કુકડિયો કુંભાર. ગામડામાં તે બહુ જાણીતું છે. કેટલાક લોકો એને ‘ઘોયરો’એવા નામે પણ ઓળખે છે.

કુકડિયા કુંભારનું કદ આપણા સામાન્ય કાગડા કરતાંય મોટું છે. જોવામાં નો તે કઢંગું દેખાય, પણ તેમા)રંગ તરત નજરે ચડે તેવો છે. આ પંખી ચળકતા કાળા રંગનું છે, પણ તેની પાંખો બજરિયા રંગની છે. પૂંછડી મોટી તેમ જ ભરાવદાર છે તેમ જ ચડઊતર પીંછાંની બનેલી અને કાળી છે. આ પક્ષીની આંખો રાતી ચણોઠી જેવી અને ચાંચ તેમ જ પગ કાળા રંગનાં છે.

આ પક્ષીને ખુલ્લા વગડામાં ઝાડી-ઝાંખરામાં રહેવું ગમે છે. ફળિયામાં ઝાડ હોય તો કુકડિયો કુંભાર વર્ષમાં એક વાર અવશ્ય મુલાકાત લઈ જાય છે. તે બાગ-બગીચામાં પણ છૂટથી આવે છે અને પછી ફાવી જાય તો માનવવસવાટનો પડોશ તેને ગમે છે. તે ચાલે ત્યારે પૂંછડી જમીન પર







ઢસડાતી હોય એવું લાગે. તેનું ચાલવાનું આપણને હેતુપૂર્વકનું લાગે. તેની ઊડવાની શક્તિ બહુ નથી, છતાં એક ઝાડથી બીજા ઝાડ સુધી સામાન્ય ઊંચાઈએ તે ઊડી શકે છે. માણસને જુએ કે તરત એ વાડ-ઝાંખરામાં લપાઈ જાય છે, તેથી સ્વભાવે તે બીકણ છે એમ કહીએ તો ખોટું નથી. આ પંખીની વસ્તી સમગ્ર ભારતમાં છે. કચ્છપ્રદેશમાં તેની વસ્તી પાંખી છે.

તે ખોરાકમાં ઉંદર, કાચિંડા, નાના સાપ, વીંછી તથા તીડ, ઇયળ જેવાં જીવજંતુઓ ખાય છે. તે ઉંદરનું ભક્ષણ કરી જાય છે, તેથી ખેતીને ઘણો લાભ કરી આપે છે. તે પાંખો પહોળી કરીને ‘ગુહુક ગુહુક’એવો ઘેરો અવાજ કાઢીને બોલે છે. આ અવાજ ઘણે દૂરથી સંભળાય છે. એક પક્ષી બોલે એટલે દૂર બેઠેલો બીજો કુકડિયો કુંભાર સામે બોલવા લાગે. તે બીજા જાતજાતના અવાજો પણ કાઢી જાણે છે, જે દેડકાના અવાજને મળતા આવે છે.

આ પક્ષી ઝાડની ઘટામાં માળો કરે છે. તેનો માળો ગોળ દડા જેવો હોય છે. પ્રજનનઋતુમાં નર ચિત્ર-વિચિત્ર અંગમરોડ કરે છે. માળાની ઋતુ ઉનાળો અને ચોમાસું. માળામાં એક દરવાજો હોય છે. કોઈ વાર ઉપરથી ખુલ્લો હોય છે તેવો માળો પણ તે કરે છે. માદા ત્રણથી ચાર સફેદ ઈંડાં મૂકે છે. તેને પૂંછડીનો પંખો કરી ઘડીભર થનગનવાની ટેવ છે. તે ‘ગુહુક’કે ‘ગુહુ’ એમ બોલે છે તેથી હિન્દીમાં તેને ‘મહોખ’ એવા નામે ઓળખાવાય છે. ગુજરાતીમાં તેને ‘કાકડિયો કુંભાર’, ‘મોહુકો’, ધુકિયો’અને પૂર્વે કહ્યું તેમ ‘ઘોયરો’ એવાં વિવિધ નામ અપાયાં છે.

**ગુજરાતીમાં તેને ‘કાકડિયો કુંભાર’, ‘મોહુકો’, ધુકિયો’અને પૂર્વે કહ્યું તેમ ‘ઘોયરો’ એવાં વિવિધ નામ અપાયાં છે અને સંસ્કૃતમાં એને ‘કુક્કુટ’નામથી ઓળખવામાં આવે છે**

કુકડિયો કુંભાર બહુ વ્યવસ્થિત રીતે એક ઝાડ કે ઝાંખરાની નીચે સિફતપૂર્વક ફરશે અને તેને ખાવાયોગ્ય જીવાતો ખોળી કાઢશે. એ ક્યારેક પક્ષીઓનાં ઈંડાં પણ ભક્ષી જાય છે. એ કદાચ કુદરતી વ્યવસ્થા જાળવતો હશે. સંસ્કૃતમાં એને ‘કુક્કુટ’નામથી ઓળખવામાં આવે છે.

પક્ષીઓ થકી કેટલાંક જીવ-જંતુઓનું કુદરતી નિયંત્રણ થાય છે. પક્ષીઓમાંનાં કેટલાંક આપણાં મિત્રો છે. શિકાર કરનારાં પક્ષીઓ સડેલા પદાર્થો ખાય છે તેનાથી ગંદકી દૂર થાય છે. પક્ષીઓ આપણી સમૃદ્ધિ છે.

# નવા કોટ સાથે કેમ આપવામાં આવે છે વધારાનું કાપડ અને બટન?

જ્યારે પણ આપણે કોઈ મોંઘો બ્રાન્ડેડ શર્ટ, સૂટ કે કિંમતી કોટ ખરીદીએ છીએ, ત્યારે તેની સાથે કપડાની અંદરના ભાગે અથવા બ્રાન્ડ ટેગ સાથે એક નાની પ્લાસ્ટિકની પારદર્શક કોથળી જોડેલી જોવા મળે છે. આ નાની કોથળીમાં એક કે બે વધારાના બટન અને એ જ કપડાનો એક નાનો ચોરસ ટુકડો હોય છે. આપણામાંથી મોટાભાગના લોકો વર્ષોથી એવું જ માનતા આવ્યા છે કે જો ભવિષ્યમાં આપણો શર્ટ કે કોટ ક્યાંકથી ફાટી જાય, તો તેના પર થીગડું મારવા માટે કંપનીએ આ કાપડનો ટુકડો આપ્યો છે. પરંતુ, આ એક બહુ મોટી ગેરસમજ છે. આ નાનકડો ટુકડો થીગડું મારવા માટે નહીં, પણ એક ખૂબ જ મહત્વપૂર્ણ ‘ટેસ્ટર’ તરીકે આપવામાં આવે છે. કપડાં બનાવતી બ્રાન્ડેડ કંપનીઓ આ ટુકડો એટલા માટે આપે છે જેથી તમે તમારા મોંઘા કપડાંને વોશિંગ મશીનમાં ધોતાં પહેલાં તેની ગુણવત્તા ચકાસી શકો. નવો શર્ટ કે કોટ સીધો જ વોશિંગ મશીનમાં કે પાવડરવાળા પાણીમાં નાખી દેવાને બદલે, આ નાના કાપડના ટુકડાને ‘સેમ્પલ’ તરીકે વાપરવાનો હોય છે. ઘણા મોંઘા અને ડાર્ક



કલરના કપડાંમાંથી પહેલીવાર ધોતી વખતે રંગ છૂટો પડે છે. જો તમે આ ટુકડાને પાવડર કે ડિટર્જન્ટવાળા પાણીમાં પલાળીને જુઓ, તો તમને તરત જ ખબર પડી જશે કે આ કાપડ રંગ છોડે છે કે નહીં. જો રંગ ઉતરતો હોય, તો તમે આખા શર્ટને અન્ય કપડાં સાથે ધોવાથી બચાવી શકો છો, જેથી બીજા કપડાં પણ બગડે નહીં. અમુક પ્રકારના પ્રીમિયમ કાપડ (જેમ કે શુદ્ધ કોટન કે લિનન) ગરમ પાણીમાં અથવા ચોક્કસ ડિટર્જન્ટના સંપર્કમાં આવવાથી સંકોચાઈ જાય છે. આ નાના ટુકડાને ધોઈને અને સૂકવીને તમે જાણી શકો છો કે કાપડ સંકોચાય છે કે નહીં અથવા તેની ચમક ઓછી થાય છે કે નહીં. આજના સમયમાં મોંઘા બ્લેઝર કે કોટને ઘેર ધોવાને બદલે ડ્રાય ક્લીનિંગમાં આપવામાં આવે છે. ડ્રાય ક્લીનર્સ પણ આ નાના ટુકડાનો ઉપયોગ કેમિકલ ટેસ્ટિંગ માટે કરે છે. કોટના કાપડ પર કયું કેમિકલ સુરક્ષિત રહેશે અને ડ્રાય ક્લીનિંગના કારણે કાપડના ટેક્સચર કે વણાટને કોઈ નુકસાન થશે કે નહીં, તે જાણવા માટે આ નાનો ટુકડો આશીર્વાદરૂપ સાબિત થાય છે. આનાથી તમારો હજારો રૂપિયાનો કોટ બગડતો બચી જાય છે. કાપડના ટુકડાની સાથે જે વધારાનું બટન આપવામાં આવે છે, તેનું કારણ વધુ સ્પષ્ટ છે. બ્રેન્ડેડ કપડાંમાં વપરાતા બટનો સામાન્ય રીતે બજારમાં સરળતાથી મળતા નથી. તેના પર કંપનીનો લોગો હોઈ શકે છે અથવા તેનો આકાર અને રંગ અનન્ય હોઈ શકે છે. જો ભવિષ્યમાં શર્ટ કે કોટનું કોઈ મુખ્ય બટન તૂટી જાય કે ખોવાઈ જાય, તો આ વધારાના બટનનો ઉપયોગ કરીને કપડાંને ફરીથી નવું જેવું બનાવી શકાય છે અને તેનાથી કપડાંનો લુક બગડતો નથી.